**નામદાર શ્રી ચોથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, રાજકોટ.**

**ફોજદારી કેસ નં. :– ૧૧૦૫૪/૨૦૧૭**
**આંક–૧૪**

**શ્રી સ ર કા ર. :::::::: ફરિયાદી.**

**વિ રૂ ધ્ધ**

**(૧) સલીમભાઈ સુમારભાઈ ખોખર**
**(૨) સંજય સુરેશભાઈ ચૌહાણ**
**(૩) રોહીત અમરશીભાઈ પરમાર**
**(૪) સંજયભાઈ પ્રવીણચંદ્ર પંડયા**
**(૫) દેવુભા ભાસુભા વાઘેલા**
**(૬) ધર્મેન્દ્રભાઈ ચત્રભુજભાઈ દુધરેજીયા**
**(૭) સીકનદર અબ્દુલભાઈ ખોખર ::::::: આરોપીઓ**

ગુન્હો :– જુગારધારાની કલમ–૪,૫ મુજબનો..

**–:: ચૂ કા દો ::–**

**(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીત એવી છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરિયાદપક્ષે તપાસના અંતે જુગારધારાની કલમ–૪,૫ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.**

**(૨) ચાર્જશીટ રજુ થતા, આરોપીઓને સમન્સ કાઢવામાં આવ્યો. સમન્સ બજતા આરોપીઓ હાજર થયેલ, આરોપીઓને કાયદા મુજબ નકલ આપી તેની સામેનુ તહોમત વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.**

**(૩) આરોપીઓ ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ કરતા, તે બાબતની પ્લી આંક–૬ થી ૧૨ સુધી આરોપીઓએ તેમના ગુનાની કબુલાત પુરસીસ આંક–૫ થી આજરોજ અદાલતમાં આપી જણાવે છે કે, તેઓને ગુનો કબુલ છે, ફરીથી આવો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. આરોપીઓ આંક–૧૩ થી નો કલેઈમ પુરસીસ આપેલી છે. વધુમાં આરોપીઓ જણાવે છે કે પોતે મજુરી કરી પોતાના કુટુંબનુ ભરણપોષણ કરે છે.આરોપીઓની આ સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.**

**આરોપીઓને આ કાયદા હેઠળ સજાની સમજ કરવામાં આવેલ છે.**

**(૪) કેસની હકીકત આરોપીઓના આર્થિક સંજોગો તથા તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદની (જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯) ના કેસમાં આપેલ સમજુતી મુજબ આરોપીઓને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે. તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**–: હુકમ :–**

**(અ) આરોપીઓને ક્રિ.પ્રો. કોડ ૧૯૭૩ની કલમ–૨૫૨ મુજબ આરોપીઓને જુગારધારાની કલમ–૪,૫ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને રૂા.૧૨૦૦/– (અંકે રૂપીયા બારસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દંડની રકમ પેટે દિવસ–૭ ની સાદી કેદની સજા ભોગવવી. કુલ દંડની રકમ રૂા. ૮૪૦૦/– (અંકે રૂપીયા આઠ હજાર ચારસો પુરા) ભરપાઈ કરવા.**

**(બ) મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમી રાખવામાંઆવે છે. અન્યથા નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો અને વેલ્યુએબલ મુદ્દામાલ રોકડ રકમ સરકારશ્રીમાં ખાલસા કરવી.**

**હુકમ આજરોજ તા.૧૦ મી, માહેઃ–ફેબ્રુઆરી, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**રાજકોટ.**
**તા.૧૦/૨/૨૦૧૮**

**( નીતુ શર્મા )**
**૪થા જયુડી.મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**રાજકોટ.**
(UNIQ I.D.No.GJ01350)